# <u>ફો. કે. નં. ૯૯૭/૨૦૨૪ ના કામે આંક –૧ હેઠળ હુકમ</u>

સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધું. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે **ધી જુગારધારા કલમ–૪,૫** મુજબના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે. સદર કામના આરોપી વિરુધ્ધ કોર્ટમાં ચાર્જશીટ  દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવા માં આવેલ છે તેમ છતા આરોપી હાજર રહેલ નથી અને આરોપીને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે તદૃઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપી વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતું હોય ફો.કા.અ. ની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આથી ફો.કા.અ. ની કલમ ૨૫૮ અન્વયે આરોપી  સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે તથા આરોપીએ કે જામિનદારે કોઇ જામિનગીરીની રકમ જમા કરેલ હોય તો તેને સરકાર હસ્તક કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદ પક્ષને ફો.કા.અ.ની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬

સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ અને
બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમદાવાદ(ગ્રામ્ય)
જીજે૦૧૬૧૦